RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 197* Date: 15.05.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૨૦ લાખ કરોડના પેકેજનો પાર્ટ-૨,ખેડૂતો,શ્રમિકો,મહિલાઓ માટે યોજનાઓ જાહેર

# શ્રમિકોને બે મહિના મફત રાશનઃ ખેડૂતોને ૮૬,૦૦૦ કરોડની લૉન



*ન્યુ દિલ્હી,તા.૧૪*

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને આત્મનિર્ભર ભારત નિર્માણ અભિયાન હેઠળ, કોરોના લોકડાઉનમાં જેમને સૌથી વધારે અસર થઇ તે સ્થળાંતર લાખો શ્રમિકો, નાના ખેડૂતો અને શેરીમાં વેચતા ફેરિયાઓ-વેપારીઓ માટે જાહેરાતો કરી હતી.

તેમણે કહ્યું કે, મોદી સરકાર દ્વારા દેશના ૩ કરોડ સિમાંત ખેડૂતોને ૪ લાખ કરોડનું ધિરાણ આપવામાં આવ્યાં છે. વ્યાજમાં રાહત આપી છે. ૨૫ લાખ નવા કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યાં છે. જેમાં ૨૫ હજાર કરોડનું ધિરાણ આપવામાં આવશે. મોદી સરકારે જ ગરીબોની ચિંતા કરી છે. લોકડાઉન લાગૂ થતાં જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ સહાય આપવામાં આવી હતી. ૨૨ કરોડ ગરીબોને વીમાનું સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે છેલ્લાં ૩ મહિનામાં ૮૬ હજાર કરોડનું ધિરાણ ખેડૂતોને આપવામાં આવ્યું છે. ૬૩ લાખ ખેડૂતોને ધિરાણ મળ્યું છે. માર્ચ ૨૦૨૦માં નાબાર્ડ દ્વારા ખેડૂત સહકારી મંડળીઓને ૨૯૫૦૦ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું છે. કોરોના લોકડાઉનમાં રાજ્ય સરકારોને ડીઝાસ્ટર ફંડનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી છે. ૧૧ હજાર કરોડની મંજૂરી આપવામાં આવી હતી. જેનો લાભ ગરીબોને-ખેડૂતોને મળ્યો છે. લોકડાઉનમાં શેલ્ટર હોમમાં રહેનાર લોકો માટેજમવા સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. ૭૨૦૦ સેલ્ફ હેલ્પ ગ્રુપ બનાવવામાં આવ્યાં છે.

તેમણે વધુમાં કહ્યું કે સેલ્ફ હેલ્પ ગ્રુપ દ્વારા , ૩ કરોડ માસ્ક મહિલા મંડળીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યાં છે. ૧.૨૦ લાખ લીટર સેનેટાઇઝર બનાવવામાં આવ્યું છે.

સમાન લઘુતમ વેતન માટે સંસદમાં કાયદો લવાશે. રાજ્યો-રાજ્યો વચ્ચે લઘુતમ વેતનમાં ભેદભાવ હોય છે. તેથી આખા દેશમાં એક જ લઘુતમ વેતનની વિચારણા છે. દેશમાં કામ કરતાં શ્રમિકો પૈકી માત્ર ૩૦ ટકાને જ લઘુતમ વેતન પૂરેપુરૂ મળે છે.

તેમણે કહ્યું કે, ૧૦ શ્રમિકો કરતાં વધારે હોય તે એકમમાં એસિક-કામદાર યોજના-ની જોગવાઈ કરાશે. દરેક સેક્ટરમાં મહિલાઓને રાતપાલીમાં કામ કરવાની મજૂરી અપાશે.

સ્થળાતરિત શ્રમિકો કે જેઓ રેશનકાર્ડ ધરાવતા નથી તેમને મફત અનાજ બે મહિના માટે અપાશે. તેમને પાંચ કિલો ચોખા અથવા ઘઉં અપાશે. જેમની પાસે રેશનકાર્ડ નથી તેમને ૫ કિ.ગા. અનાજ અને ચણાની દાળ અપાશે. ૮ કરોડ શ્રમિકોને લાભ મળશે. જેની પાછળ ૩૫૦૦ કરોડનો ખર્ચ થશે. રાજ્ય સરકારો તેનો અમલ કરશે.ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રવાસી શ્રમિકો કે જેઓ રેશનીંગ કાર્ડ ધરાવે છે તેમના માટે તેઓ દેશમાં કોઇ પણ રાજયની કોઇપણ રેશનીંગ દુકાનમાંથી રાશન લઇ શકે તેવી વ્યવસ્થા કરાશે. ઓગસ્ટ ૨૦૨૦થી વન નેશન- વન રેશનનો અમલ કરાશે. માર્ચ ૨૦૨૧થી પોર્ટેબીલીટી થશે.

શહેરી સ્થળાતરિંત શ્રમિકોને શહેરોમાં રહેવા માટે ઓછા દરે મકાન ભાડેથી મળે તેવી વ્યવસ્થા કરાશે. સ્થળાતરિત શ્રમિકો માટે તેમના સરેરાશ દૈનિક વેતનમાં વધારો કરવામાં આવ્યો છે. ૧૮૨ને બદલે ૨૦૨ રૂપિયા કરવામાં આવ્યાં છે. આમ ૨૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ શ્રમિકોને તેમના રાજ્યામાં તેમના ગામમાં મનરેગામાં યોજનામાં રોજગારી આપવામાં આવશે. ગયા મે માસ કરતાં આ વખતે ૪૦થી ૫૦ ટકા વધારે રોજગારી મળશે. આ માટે ૧૦ હજાર કરોડના કામો આપવામાં આવ્યાં છે.

મુદ્રા શિશુ લોન લેનારને લાભ આપવા ૩ કરોડ લાભાર્થીઓને લાભ આપવા વ્યાજમાં ૨ ટકાનો ઘટાડો કરીને તેમને ૧૫૦૦ કરોડનો લાભ મળશે.૫૦ લાખ ફેરિયાઓ, લારી-ગલ્લાવાળા પાથરણાંવાળા, ફૂટપાથ પર ઉભા રહીને વેચવારાઓ માટે ૧૦ હજાર રૂપિયા અપાશે. એક મહિનામાં અપાશે. ૫ હજાર કરોડનો લાભ મળશે..

ગઇકાલે તેમણે MSME, રિયલ્ટી સેક્ટર, પગારદારો માટે રાહત પેકેજ જાહેર કર્યું હતું. ગઇકાલે બુધવારે ૨૦ લાખ કરોડના રાહત પેકેજના બ્રેકઅપની માહિતી આપી હતી. જેમાં પ્રથમ તબક્કામાં નાના વ્યવસાયો, રિયલ એસ્ટેટ, સંગઠિત ક્ષેત્રના વર્કર અને અન્ય લોકો માટે ૬ લાખ કરોડની સહાયની સંખ્યાબંધ જાહેરાતો કરવામાં આવી હતી. આજે તેમણે ફરી પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.

### કોરોનાના કેસ મામલે ભારત હવે ચીનની હરોળમાં આવી જશે....!

# દેશમાં ૨૪ કલાકમાં ૩૭૨૨ પોઝિટિવ કેસઃ ૧૩૪ના મોત

*ન્યુ દિલ્હી,તા.૧૪*

ભારતની ચીન સાથે વસ્તીની સંખ્યાને લઇને સરખામણી થતી હોય છે. જેમ કે વસ્તીની દ્રષ્ટિએ ચીન સૌથી આગળ અને ભારત ૧૩૫ કરોડની વસ્તી સાથે ચીન પછી બીજાનંબરે છે. કોરોના મહામારીમા પણ ભારત જાણે કે ચીનની નજીક પહોંચી રહ્યું હોય તેમ ભારતના કોરોના પોઝીટીવના કેસો ચીનની લગોલગ પહોંચવામાં છે. કોરોના નોવેલ વાઇરસ કોવિડ-૧૯ની શરૂઆત ચીનની વુહાનમાંથી શરૂ થઇ હતી. જો કો ભારતમાં બીજુ વુહાન બનતા બનતા અમદાવાદ અટકી ગયુ તે એક અલગ બાબત છે. પણ કેસોની તુલનામાં ભારત હવે ચીનની નજીક પહોંચશે. ચીનમાં ૮૨ હજાર કરતાં વધુ કેસો નોંધાયા તો ભારત પણ ૮૦ હજારની નજીકમાં જ છે. જો કે ભારતમાં કોરોનાનો મૃત્યુઆંક હજુ ચીન કરતાં ઓછો છે.

સૂત્રોએ કહ્યું કે વર્તમાન ભારત સરકાર ચીન સાથે દોસ્તીના મૂડમાં અને મોડમાં હતી. ચીનના સુપ્રિમો જિનપિંગને બબ્બેવાર ભારત બોલાવીને તેમની મોંઘી આગતાસ્વાગતા કરવામાં આવી પરંતુ બદલામાં ચીને ભારતને પણ કોરોનાની ભેટ આપીને ભારતના અર્થતંત્રને અસર પહોંચાડી છે. અને ભારતમાં પણ કોરોનાના કેસો બે મહિનામાં વધીને ૮૦ હજારની નજીકમાં છે.દેશમાં કોરોના વાયરસના મામલામાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોનાના નવા ૩૭૦૦થી વધુ કેસ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસથી સંક્રમીત લોકોનો આંકડો વધીને ૭૮૦૦૩ સુધી પહોંચી ગયો છે. બુધવારે સવારે નવ વાગ્યાથી ગુરૂવારે સવારે ૯ વાગ્યા સુધીમાં દેશમાં કોરોના વાયરસના નવા ૩૭૨૨ નવા કેસ નોંધાયા છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના સંક્રમણને મહાત આપીને ૧૮૪૯ લોકો સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

૭૮૦૦૩ કોરોના વાયરસના તમામ કેસ સાથે ભારત દુનિયામાં સૌથી વધારે કોરોના વાયરસના કેસ ધરાવતા દેશોમાં ચીનની નજીક પહોંચી ગયો છે. ચીન તરફથી જાહેર કરેલા આંકડા પ્રમાણે ત્યાં ૮૨૯૨૯ કેસ નોંધાઈ ચૂક્યા છે અને ૪૬૩૩ લોકોના મોત નિપજી ચૂક્યા છે. જોકે, ચીનમાં અત્યાર સુધીમાં ૭૮૦૦૦થી વધુ લોકો સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. હવે ચીનમાં ફક્ત ૧૦૧ જ એક્ટિવ કેસ છે. જ્યારે ભારત કોરોના વાયરસના એક્ટિવ કેસની સંખ્યા ૪૯૨૧૯ સુધી પહોંચી ગઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે અત્યાર સુધીમાં દેશમાં કુલ ૭૮૦૦૩ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથી ૨૬૨૩૫ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. પરંતુ ૨૫૪૯ લોકોએ કોરોના વાયરસના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવારે સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૪૯૨૧૯ એક્ટિવ કેસ છે

દેશમાં કોરોના વાયરસના કુલ કેસમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. દેશભરમાં જેટલા પણ કેસ નોંધાયા છે તેમાંથી લગભગ એક તૃત્યાંશ કેસ ફક્ત મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૫૯૨૨ કેસ નોંધાયા છે જેમાંથી ૯૭૫ લોકોએ પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. જોકે, મહારાષ્ટ્રમાં ૫૫૪૭ લોકો સ્વસ્થ પણ થઈ ચૂક્યા છે.મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૯૨૬૭ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૬૬ લોકો કાળનો કોળિયો બની ગયા છે.

ગુજરાત બાદ તમિલનાડૂમાં ૯૨૨૭, દિલ્હીમાં ૭૯૯૮, રાજસ્થાનમાં ૪૩૨૮, મધ્યપ્રદેશમાં ૪૧૭૩ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૩૭૨૯ કેસ સામે આવ્યા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૩.૪૭ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે

### આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની મુખ્યમંત્રીએ કરી જાહેરાત

# રૂપાણી સરકારનું રૂપાળુ પેકેજઃ ૧ લાખની લૉન માત્ર ૨ ટકાના દરે મળશે

**ગાંધીનગર,તા.૧૪**

વડાપ્રધાન મોદી દ્વારા દેશને આત્મનિર્ભર બનાવવાની ઘોષણા બાદ દેશના તમામ રાજ્યો અલગ-અલગ પ્રકારના આર્થિક પેકેજની જાહેરાત કરી રહ્યા છે ત્યારે ગુજરાત રાજ્ય પણ તેમાથી બાદ નથી રહ્યું. આજે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત કરી હતી. જેમા તેમણે નાના વેપારીઓને લોન આપવાની અને તેમને આર્થિક રીતે સદ્ધર બનાવવાની વાત કહી હતી.



આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી હતી. ૧૦ લાખથી વધુ લોકોને આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાનો લાભ મળશે આ યોજના અંતર્ગત નાના દુકાનદારોને આ યોજનાનો લાભ મળશે. ૧ લાખ રૂપિયાની લોન ૨ ટકાના વાર્ષિક વ્યાજે મળશે. જ્યારે ૬ ટકા વાર્ષિક વ્યાજ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે, પ્રથમ છ મહિના વ્યાજ અને મુદ્દલ ચૂકવવું નહીં પડે તેમ મુખ્યમત્રીએ જણાવ્યું છે. આ લોન સહકારી બેંકો એને જિલ્લા બેંકોમાંથી આ મળશે. અને ૬ મહિના સુધી આ લોનનો હપ્તો ભરવામાં રાહત આપવામાં આવશે. સરકારની આ યોજનામાં કોઇ પણ પ્રકારની સિક્યોરિટી આપવાની રહેશે નહી. પ્રોવિઝનલ સ્ટોર અને કટલરી સ્ટોરને રાહત આપવામાં આવશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના વાયરસના કારણે રાજ્યમાં તેની કોઇ અસર થશે નહી તથા લોકોને રોજગાર પૂરો પાડવા માટે સરકાર કટીબદ્ધ છે અને આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની અંદર મોટા ભાગના કારીગરો અને કામદારોને આવરી લેવામા આવશે.

તમને જણાવી દઇએ કે, રાજ્ય સરકાર દ્વારા નાના ઉદ્યોગોને આપવામાં આવતી લોનનું ૧૮ ટકા વ્યાજ રાજ્ય કરકાર ચૂકવશે અને લોનધારકને માત્ર ૨ ટકા વ્યાજની ચૂકવણી કરવાની રહેશે. રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય ખુબ જ મહત્વનો છે જયારે કોરોનાના કારણે સંમગ્ર દેશમાં લોકડાઉન છે ત્યારે ઉદ્યોગોને ભારે નુક્સાન પહોંચ્યુ છે આ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત બાદ રાજ્યમાં નાના ઉદ્યોગો ફરી ધમધમી ઉઠે તેવી આશા હવે સેવાઇ રહી છે.

### કોરોના પણ એચઆઈવીની જેમ જિંદગીનો એક હિસ્સો બની રહે

# કોરોના વાયરસ કદાચ દુનિયામાંથી ક્યારેય સમાપ્ત નહિ થાયઃ WHO

*જિનિવા,તા.૧૪*

કોરોનાનો કોહરામ ચાલુ છે અને તેનાથી બચવા માટે અત્યાર સુધી કોઇ રસી કે દવા બની શકી નથી. તો અર્થતંત્રને સંભાળવા માટે આખી દુનિયા હવે લોકડાઉન ખોલવા પર વિચાર કરી રહી છે. આ બધાની વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના એક ટોચના અઅધિકારીએ ચેતવણી આપતા કહ્યું કે કોવિડ-૧૯ આપણી આસપાસ લાંબા સમય સુધી રહી શકે છે અને એ પણ બની શકે કે ક્યારેય જાય જ નહીં.વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના એક ટોચના અધિકારીએ ચેતવણી આપી કે શકય છે કે કોરોના વાયરસ આપણી સાથે જ રહે. એક પ્રેસ બ્રીફિંગમાં ડૉકટર માઇકલ રેયાને કહ્યું કે બની શકે કે આ વાયરસ કયારેય દૂર થાય જ નહીં. તેમણે કહ્યું કે વેક્સીન વગર પૂરતી માત્રામાં ઈમ્યુનિટી વધારવામાં લોકોને કેટલાંય વર્ષ લાગી શકે છે.

WHOના કટોકટી મામલાના નિદેશક માઇકલ રયાને જીનેવામાં પત્રકાર પરિષદને સંબોધન કરતા કહ્યું કે કોરોના આપણા વચ્ચે એવી રીતના એક વાયરસમાં તબદીલ થઇ શકે છે જે બીજાથી અલગ હોય અને શક્ય છે કે આ ખત્મ જ ન થાય. રયાને HIVનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે દુનિયામાંથી આ વાયરસ હજુ ખત્મ થયો નથી.

WHOના ટેડરૉસને કહ્યું કે ઘણા દેશ હાલના લોકડાઉનની સ્થિતિમાંથી બહાર નિકળવાના અલગ-અલગ રીત અપનાવી રહ્યાં છે. જો કે વિશ્વ આરોગ્ય સંસ્થાએ બધા દેશોને એલર્ટ પર રહેવા સલાહ આફી છે. બધા દેશોએ હજી પણ સૌથી ઉચ્ચત્તમ સ્તર પર એલર્ટ રહેવાની જરૂરિયાત છે.

માઇકલ રયાને જણાવ્યું કે આપણે વાસ્તવિક્તા સાથે વિચારવું પડશે, આ મહત્વપૂર્ણ પણ છે. મારા અંદાજ પ્રમાણે હજુ કોઇ કહી શકે તેમ નથી કે આ વાયરસ ક્યાં સુધી રહેશે. આ વાયરસને લઇને કોઇ વચન આપી શકાય નહીં અને ના કોઇ તારીખ આપી શકાય.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા ૩૨૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો ૯૫૯૨,**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ લોકોનાં મૃત્યુ**

**રાજયમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા૧૯૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૩૭૫૩**

# રેલવે હવે મેઈલ-એક્સપ્રેસ ટ્રેનો ચલાવશેઃ આજથી શરૂ થશે બુકિંગ

*ન્યુ દિલ્હી,તા.૧૪*

સ્પેશિયલ ટ્રેનો ચલાવ્યા પછી રેલવે હવે વધુ ટ્રેનો ચલાવશે. રેલવે દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભવિષ્યમાં શરૂ થનારી બધી સર્વિસિસ માટે ૧૫ મેથી ટિકિટની બુકિંગ પણ શરૂ કરશે. આ બુકિંગ ૨૨ મેથી શરૂ થતી યાત્રા માટે હશે. રેલવે હવે મેઇલ અને એક્સપ્રેસ ટ્રેનો ચલાવવાની તૈયારી કરી રહી છે.

રેલવેએ યાત્રીઓની સંખ્યા પણ નિર્ધારિત કરી દીધી છે. રેલવે મુજબ સ્લીપરમાં ૨૦૦, એસી ચેરકાર અને થર્ડ એસીમાં ૧૦૦, જયારે સેકન્ડ એસીમાં ૫૦ લોકો યાત્રા કરી શકશે. રેલવે મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે ચાર્ટ મુજબ કન્ફર્મ ટિકિટવાળા મુસાફરોને જ યાત્રાની મંજૂરી આપવામાં આવશે.

કોરોના વાઇરસના લક્ષણવાળા કોઈ પણ યાત્રીને યાત્રાની મંજૂરી નહીં આપવામાં આવે. એની સાથે એ યાત્રીને ટિકિટનું પૂરેપૂરું રિફન્ડ પણ આપવામાં આવશે, જેનામાં કોરોનાનાં લક્ષણ નહીં દેખાય એ લોકોને યાત્રાની પરવાનગી મળશે. આ સિવાય યાત્રાથી પહેલાં યાત્રીઓની સ્ક્રીનિંગ કરવામાં આવશે. જો સ્ક્રીનિંગ દરમ્યાન કોઈને પણ તાવ અથવા કોરોના વાઇરસના લક્ષણ જોવા મળ્યાં તો તેને ટિકિટના પૂરા પૈસા પરત કરવામાં આવશે.

રેલ ભવનને સંપૂર્ણ સીલ કરવામાં આવ્યું છે. આ ભવનમાં એક કલાર્કને કોરોના વાઇરસ પોઝિટિવ આવ્યો હતો. આ પહેલાં રેલવે દ્વારા શ્રમિક સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવી હતી, જેના દ્વારા મજૂરોને તેમના ઘરે પહોંચાડવામાં આવ્યા હતા.

## તંત્રી સ્થાનેથી...

# આત્મનિર્ભર ભારતના પ્રથમ તબક્કામાં મધ્યમ વર્ગ ક્યાં.....?!

વિશ્વભરના લોકોને કોરોના વાયરસે પોતાનું રાક્ષસી રૂપ બતાવી ભયનો માહોલ પેદા કરી દીધો છે..વિશ્લના તમામ દેશોની આર્થિક વ્યવસ્થા તહસ નહસ કરી નાખી છે. પરંતુ વિશ્વના દેશોએ પોત પોતાના દેશની અર્થતંત્રની ગાડી પાટે ચડાવવા કમર કસી લીધી છે. મોટાભાગના દેશોએ લોકડાઉન પાલન કરવાની આકરી શરતોને આધિન વિવિધ ઉત્પાદનો કરતા નાના- મોટાઉધ્યોગો,વેપાર,ધંધા, રોજગારોને શરૂ કરવાની છૂટછાટ આપીને જન જીવન ધબકતું કરવા સાથે લોકોમાં કોરોના સામે લડવા આત્મવિશ્વાસ ઊભો કરી દીધો છે. ભારતમાં પણ ૫૦ દિવસના લોક ડાઉનલોડ પછી વડાપ્રધાન મોદીજીએ વિવિધ સ્તરે મીટીંગો યોજીને તાજેતરમાં ૨૦ લાખ કરોડનૂ પેકેજ જાહેર કરી ભારતના લોકોમાં એક નવી ઊર્જા સાથે આત્મવિશ્વાસ પેદા કરી દીધો છે. ભારતે પણ કોરોના વાયરસ રેડ ઝોન વિસ્તારોમાં લોકડાઉન પાલનની આકરી શરતો સાથે લોકડાઉનના નિયમોનું પાલન ફરજિયાત કરી જે તે વિસ્તારોમાં નાના- મોટા ઉત્પાદન કરતા ઉદ્યોગો, એકમો, ધંધા- વેપાર, રોજગાર શરૂ કરવાનો નિર્ણય લઈ લીધો છે અને તેને કારણે લોકોમાં પણ હાશકારા સાથે નવી ઉર્જા ફરી વળી છે. મોદીજીની આત્મનિર્ભરની વાત એ તો આપણી પરંપરા અનુસારની વાત છે પરંતુ કોરોના સામે લડવું જરૂરી છે અને કોરોના સાથે જીવન જીવવું પણ જરૂરી છે. ભારતભરમાં કોરોના કેસ ૮૦ હજારના આંકને આંબી ગયા છે અને મૃતાંક ૨૪૭૪ થયો છે જે વિશ્વભરમાં સૌથી ઓછો છે. ભારતના પાંચ રાજ્યો કોરોના મુક્ત બની ગયા છે કેરળ તથા રાજસ્થાન રાજ્યોએ કોરોના રોકવા જે પગલાં લીધા તેની નોંધ ભારત સરકારે તો લીધી પરંતુ વિશ્વના દેશોએ પણ લીધી છે. ભારત ×વસુધૈવ કુટુંબકમ× મા માનવાવાળો દેશ છે અને હંમેશા બીજાનું ભલું ઈચ્છ્યુ છે એટલા માટે ભારતે વિશ્વના ૫૫ જેટલા દેશોને હાઈડ્રોક્લોરોક્વીન દવાનો મોટો જથ્થો મોકલીને દુનિયાનૂ માનવજીવન બચાવવા માટે સહાય કરી છે. જે એક સત્ય હકીકત છે.... આ બધી બાબતો વચ્ચે ગુજરાતની હાલતમાં અમદાવાદ શહેરને કોરોનાએ આકરો ભરડો લીધેલો છે.. તો સુરત અને વડોદરામાં કોરોના સંક્રમિતોની સંખ્યામા સુધારો થયો છે ગુજરાતભરમાં ૯,૨૭૭.કેસો નોંધાયા છે,મૃતાક ૫૬૮ નોંધાયો છે. અમરેલી જિલ્લો કોરોના મુક્ત બન્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૪ જિલ્લામાં એક પણ કોરોના દર્દીનું મોત થયું નથી. અમદાવાદની એક હોસ્ટેલમાં કોરોના સેન્ટર શરૂ કરવામાં આવેલ ત્યાં આયુર્વેદ દવા દર્દીઓને આપવામાં આવતા ૨૦૩ દર્દીઓ કોરોના નેગૂટીવ બન્યા છે જેથી આશાનું કિરણ ઉદભવવા પામ્યું છે. રાજ્ય સરકારે માનવ શરીર કોરોનાનો સામનો કરીને તંદુરસ્ત થઈ જાય તે માટે મોટા પ્રમાણમાં આયુર્વેદિક દવાનો જથ્થો મેળવી લીધો છે અને હવે આ આયુર્વેદિક દવાનો ઉપયોગ વધુ દર્દીઓ માટે શરૂ કરી દેવામાં આવ્યો છે......

કોરોના ફેલાતો અટકાવવા વિશ્વભરના દેશો અસમંજસતામાં છે.દવા-રસી સંશોધન ચાલી રહ્યુ છે પરંતુ કોરોના સામે લડવું પણ જરૂરી છે કોરોનાને ફેલાતો અટકાવવા મોટાભાગના દેશોએ લોકડાઉન જાહેર કરેલ જેના કારણે વિશ્વભરના દેશોનું અર્થતંત્ર ખરાબે ચડી ગયું જેના કારણે જે તે દેશની સરકારો પણ પોતાના અર્થતંતંત્રને પાટે ચડાવવા કોરોના સંક્રમિતોની સંખ્યાને ધ્યાનમાં લીધા સિવાય જે તે દેશોએ પોતાના જે- તે ઉત્પાદન કરતા ઉદ્યોગો, વેપાર-ધંધા વગેરે શરૂ કરાવીને લોકોમાં આત્મવિશ્વાસ જગાવી દીધો છે. લોકોમાં એક પ્રકારનો હાશકારો થયો છે. જોકે જે તે રાજ્યોમાંથી પરપ્રાંતીઓ વતન તરફ રવાના થઈ જતા મોટાભાગના વિવિધ ઉદ્યોગ ક્ષેત્રે તેની મોટા પ્રમાણમાં અસર થવા પામી છે છતાં મોટા ભાગના ઉદ્યોગોએ હાજર કર્મચારીઓ અને કામદારોથી ઉત્પાદન શરૂ કરાવી દીધું છે. ૫૦ દિવસના લોકડાઉન સમયે વડાપ્રધાન શ્રીમોદીજીએ ૨૦ લાખ કરોડના આર્થિક પેકેજ સાથે આત્મનિર્ભરતાની જે વાત કરી તેના કારણે નાના- મોટા, ઉદ્યોગો, ધંધા અને મધ્યમ વર્ગમાં નવો દોરી સંચાર થયો છે. દેશના રાજ્યોના વિવિધ રેડ ઝોન વિસ્તારો અને જે તે ઝોન અનુસાર લોકડાઉનના નિયમોનું ચુસ્ત પણે પાલન કરવું ફરજિયાત કરી ધંધા ,ઉધ્યોગો,વેપાર ચાલુ કરવાનુ આમ પ્રજાને ગળે ઉતારી દીધું છે.... તે એક હકીકત છે.....! પરંતુ નાણા મંત્રી સીતારમને દેશની પ્રજાને રાહત આપતાં પ્રથમ ૬ લાખ કરોડનું પેકેજ જાહેર કર્યું છે તેમાં મધ્યમ વર્ગની સહાય અંગે એક પણ ઉલ્લેખ નથી તે કારણે આમ પ્રજા કહી રહી છે કે પહેલાની સરકારોએ ગરીબો, મજૂરોના નામે બધુ ચલાવ્યું છે ત્યારે મધ્યમ વર્ગ માટે હથેળીમાં ચાદ તો નહીં હોયને.....?!ગુજરાતમાં રાજ્ય સરકારે હાઈવે સહિતના મૂખ્ય રસ્તાઓ પર માત્ર સરકારી વાહનો જ હરી ભરી શકશે, જિલ્લા પ્રવેશબંધી કરી નાખી છે. તેમાં પણ અમદાવાદ, સુરત, વડોદરાના ખાનગી વાહનો માટે તો જિલ્લા ગ્રામ્ય પ્રવેશબંધી રાખી છે. જેથી કોરોના અન્ય લોકોને ચપેટમાં ન લે. ગ્રામ્ય લોકોની આવક માટે મનરેગા, સુફલામ જળ અભિયાન સહિતના કામો શરૂ કરાવેલ છે જે આજે પણ ચાલે છે. સરકારે ગ્રીન ઝોન વિસ્તારોમાં નાના-મોટા ઉદ્યોગો વેપાર-ધંધા માર્કેટયાર્ડ શરૂ કરાવી દેતા ધીરી ગતિએ જેન જીવન હરતું-ફરતું થવા સાથે આર્થિક વિટંબણા ઘટવાની શરૂઆત થઈ ગઈ છે.... અને હવે આગામી ૧૭ મી માર્ચ સુધીમાં ઉદ્યોગ-ધંધા,વેપાર, મધ્યમવર્ગ માટેની આર્થિક સહાય સરકાર જાહેર કરશે તેમજ લોકડાઉનના નિયમો નું પાલન કરવા સાથે માનવ જીવન ધમધમતુ કરવાના સધન પ્રયાસો હાથ ધરાશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૫/૦૫/૨૦૨૦, શુક્રવાર, વૈશાખ વદ-૮
સૂર્યોદય-૬-૦૮, સૂર્યાસ્ત-૭-૧૭, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ ઘનિષ્ઠા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૦૮થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૫ સુધી, ૧૨-૪૩ થી શુભ-૧૪-૨૨ સુધી,૧૭-૪૦થી ચલ-૧૯-૧૮ સુધી, ૨૨-૦૧ થી લાભ-૨૩-૨૨ સુધી<br><br>- શુભ હોરા-<br>૬-૦૮થી ૯-૨૬ સુધી, ૧૦-૩૨ થી ૧૧-૩૮ સુધી, ૧૩-૪૯થી ૧૭-૦૭ સુધી, ૧૮-૧૩થી ૧૯-૧૮ સુધી |

### મુઝફ્ફરપુરમાં બસે ૬ મજૂરોને કચડી માંર્યા તો ગુનામાં બસ-ટ્રક ટક્કરમાં આઠના મોત

# ગોઝારો ગુરૂવારઃ ઉ.પ્રદેશ,મ.પ્રદેશમાં રોડ અકસ્માતમાં ૧૬ શ્રમિકોના મોત

*ન્યુ દિલ્હી,તા.૧૪*

એક બાજુ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. બીજી બાજુ ઠેર ઠેર પોતાની ગૃહસ્થી ઠેલા અને ખભે સાઈકલો પર લાદીને મજૂરો પરિવાર સાથે ધરભેગા થવા નીકળી પડ્યા છે. પરંતુ આવામાં હચમચાવી નાખે તેવા સમાચાર આવ્યાં છે. જેમાં અલગ અલગ જગ્યાએ થયેલા અકસ્માતોમાં ૧૬ જેટલા પ્રવાસી શ્રમિકોએ જીવ ગુમાવ્યાં છે. અનેક લોકો ઘાયલ થયા છે.



લોકડાઉનના કારણે પગપાળા ઘરે જઈ રહેલા પ્રવાસી મજૂરો સાથેની દુર્ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. તાજેતરમાં ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર ખાતેથી પણ આવી જ એક ઘટના સામે આવી છે. બુધવારે મોડી રાતના સમયે બનેલી આ દુર્ઘટનામાં રોડવેઝની એક બસે સહરાનપુર સ્ટેટ હાઈવે પર ૧૦ પ્રવાસી મજૂરોને કચડી નાખ્યા હતા. આ તમામ મજૂરો પગપાળા પંજાબથી બિહાર જઈ રહ્યા હતા અને ઘલૌલી ચેકપોસ્ટ પાસે બનેલી આ દુર્ઘટનામાં છ મજૂરોના મોત થયા છે. અન્ય એક અકસ્માત બિહારના સમસ્તીપુરમાં થયો જ્યાં પ્રવાસી મજૂરોથી ભરેલી બસ અને ટ્રક વચ્ચે ટક્કર થતા ૨ મજૂરોના મોત થયા જ્યારે ૧૨ જેટલા લોકો ઘાયલ થયા.

અકસ્માત બાદ ઘટના સ્થળે પહોંચેલી પોલીસે જરૂરી કાર્યવાહી બાદ આગ્રાના તાજ ડેપોની રોડવેઝની બસના ડ્રાઈવરની ધરપકડ કરી હતી. દુર્ઘટનાનો ભોગ બનેલા મજૂરો બિહારના ગોપાલગંજના હોવાનું સામે આવ્યું છે અને મૃતદેહોને રાતના સમયે જ પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા હતા.

મુઝફ્ફરનગર-સહરાનપુર સ્ટેટ હાઈવે-૫૯ પર રોહાના ટોલ પ્લાઝા પાસે થયેલા આ અકસ્માતમાં ચાર મજૂરો ગંભીર રીતે ઘવાયા હતા જે પૈકીના બેને મેરઠ રિફર કરવામાં આવ્યા હતા. અગાઉ મધ્ય પ્રદેશના નરસિંહપુરમાં એક ટ્રક પલટી જવાના કારણે પાંચ મજૂરોના કરૂણ મોત થયા હતા અને તે સિવાય ૧૧ મજૂરો ઘાયલ થયા હતા.

તેના પહેલા મહારાષ્ટ્રના ઔરંગાબાદ ખાતે રેલવેના પાટા પર સૂઈ રહેલા ૧૭ મજૂરો પર માલગાડી ફરી વળી હતી અને ૧૬ મજૂરોના મોત થયા હતા. મહારાષ્ટ્રના જાલનાથી મધ્ય પ્રદેશ જઈ રહેલા ૨૦ મજૂરો પૈકીના ૧૭ મજૂરોએ થાકના કારણે પાટા પર લંબાવ્યું હતું અને તે તેમની અંતિમ ચિરનિંદ્રા બની ગઈ હતી.

કોરોના સંકટ અને લોકડાઉન વચ્ચે પ્રવાસી મજૂરો સાથે દુર્ઘટના અટકવાનું નામ નથી લઈ રહી. ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગરમાં બસ દુર્ઘટના બાદ હવે મધ્યપ્રદેશના ગુનામાં ભીષણ દુર્ઘટનામાં ૮ મજૂરોના મોત થયા છે અને ૫૦થી વધારે ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે.

મજૂરો ટ્રકમાં સવાર થઈને મહારાષ્ટ્રથી ઉત્તર પ્રદેશ આવતા હતા ત્યારે દુર્ઘટના બની હતી. ટ્રકે બસને ટક્કર મારતા થયેલા અકસ્માતમાં ૮ લોકોના મોત થયા હતા. દુર્ઘટનાની જાણ થતાં જ પોલીસ અને તંત્રના ઓફિસરો પહોંચી ગયા હતા અને ઘાયલોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# મૌલાના સાદે જ મરકજમાં રોકાવા માટે કહેલુંઃ ૧૬૬ જમાતીઓની કબૂલાત



*ન્યુ દિલ્હી,તા.૧૪*

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે મૌલાના સાદના દીકરા અને સંબંધીઓ સહિત કુલ ૧૬૬ જમાતીઓની પુછપરછ કરી લીધી છે. જાણવા મળ્યા મુજબ મોટા ભાગના જમાતીઓએ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ સ્વીકાર્યું હતું કે, મૌલાના સાદે જ ૨૦મી માર્ચ બાદ મરકજમાં રોકાવા કહ્યું હતું. મોટા ભાગના જમાતીઓએ ક્રાઈમ બ્રાન્ચને જણાવ્યું કે, તેઓ પોતાની જાતે મરકજમાંથી નીકળવા ઈચ્છતા હતા પરંતુ મૌલાના સાદે તેમને એવું કરતા અટકાવ્યા હતા.

સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે મૌલાના સાદ જાણીજોઈને પોતાનો કોવિડ-૧૯ રિપોર્ટ સરકારી હોસ્પિટલમાંથી કરાવવાનું ટાળી રહ્યા છે કારણ કે, તેઓ જાણે છે કે સરકારી હોસ્પિટલમાંથી કરાવેલો કોરોના રિપોર્ટ નેગેટિવ આવશે તે સાથે જ ક્રાઈમ બ્રાન્ચ તેમને પુછપરછ માટે બોલાવી લેશે. મૌલાના સાદ જાણે છે કે, જ્યાં સુધી તે પોતાનો કોરોના નેગેટિવવાળો રિપોર્ટ નહીં આપે ત્યાં સુધી ક્રાઈમ બ્રાન્ચ મેડિકલ પ્રોટોકોલ અંતર્ગત તેને પુછપરછ માટે નહીં બોલાવી શકે.

મૌલાના આ વાતનો ફાયદો ઉઠાવી રહ્યો છે અને પોતાના વકીલો દ્વારા મીડિયાના એક વર્ગમાં ખોટા સમાચારો છપાવીને પોતાના માટે પુરાવા ભેગા કરી રહ્યો છે. આમ કરીને તે સમાચારના કટિંગ્સ કોર્ટમાં રજૂ કરીને પોતાનો પક્ષ મજબૂત બનાવવા ઈચ્છે છે. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો પ્રમાણે તેમના પાસે ઘણા બધા પુરાવા છે જેનાથી સાબિત થાય છે કે, નિઝામુદ્દીનના મરકજમાં પોલીસની નોટિસ બાદ પણ લોકોને જાણીજોઈને રોકવામાં આવેલા. આ વાત સાબિત કરવા માટે ક્રાઈમ બ્રાંચે ૧૬૬ જમાતીઓના નિવેદન નોંધ્યા છે.

# અંતિમ સેશનમાં વેચવાલીને પગલે સેન્સેક્સ ૮૮૫ અંક ગબડ્યો

*મુંબઈ,તા.૧૪*

દિવસભરની વધઘટ બાદ અંતિમ સેશનમાં બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૮૮૫ અંક અથવા ૨.૭૭ ટકા પટકાઈને ૩૧,૧૨૨ નજીક બંધ આવ્યો છે. જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ અંતિમ સેશનમાં વેચવાલીને પગલે ૨૪૦ પોઈન્ટ અથવા ૨.૫૭ ટકા ગગડીને ૯,૧૪૨ નજીક સેટલ થયો છે.

આ સિવાય બેંક નિફ્ટીની વાત કરીએ તો આજે ઈન્ડેક્સ ૫૬૬ અંક પટકાઈને ૧૯,૦૬૮ નજીક બંધ આવ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ આજે લગભગ ૯૬૮ સ્કીપમાં તેજી, ૧,૩૨૪ સ્કીપમાં મંદી જોવા મળી જ્યારે ૧૫૩ શેર્સમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. બીએસઈ પણ મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૩૯ ટકા ૦.૬૩ ટકા ગગડીને બંધ આવ્યા છે.

વિશ્વભરમાં કોરોના વાયરસની અસર, વૈશ્વિક માર્કેટની મંદ ચાલ અને વૈશ્વિક સંકેત નેગેટિવ રહેતા આજે ઘરેલુ માર્કેટ પર દબાણ જોવા મળ્યું છે. આ સિવાય ગઈકાલે નાણાપ્રધાન નિર્મલા સીતારમણે સરકાર દ્વારા જાહેર કરેલ ૨૦ લાખ કરોડ રૂપિયાના આર્થિક મહાપેકેજ અંતર્ગત કેટલીક મોટી જાહેરાતો કરી હતી.

પરંતુ માર્કેટની ચાલ જોતા એવું લાગ્યું કે નાણામંત્રીની જાહેરાતો માર્કેટને હજમ ન થઈ. તેથી આખા દિવસમાં માર્કેટ લાલ નિશાનમાં ટ્રેડિંગ કરતું જોવા મળ્યું.

# આગામી ૬ મહિનામાં ભારતમાં ૩ લાખ બાળકોના મૃત્યુનો ભયઃ યૂનિસેફનો રિપોર્ટ

*ન્યૂયોર્ક,તા.૧૪*

કોરોના વાયરસના સંક્રમણની ગંભીર અસર તમામ દેશોની સ્વાસ્થ વ્યવસ્થાઓ પર પણ પડી છે કારણ કે આ મહામારીની સમયમાં મોટાભાગના સાધનોનો ઉપયોગ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર પાછળ વપરાઈ રહ્યા છે, જેના કારણે અન્ય પૂરતી સ્વાસ્થ સુવિધાઓની અછત ઉભી થઈ હોવાના અહેવાલ છે, ખાસ બાબત એ છે કે આ કારણથી બાળકોના સ્વસ્થ પર ગંભીર અસર પડી શકે છે જેના અતિ ગંભીર પરિણામો આવે એવી આશંકા છે.




સંયુક્ત રાષ્ટ્રના સંગઠન યૂનિસેફ દ્વારા આ અંગેની ચિંતાજનક સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. યૂનિસેફના જણાવ્યા મુજબ ભારતમાં આગામી છ મહિનામાં પાંચ વર્ષથી નીચેની ઉંમરના ત્રણ લાખ બાળકોની મોત થઈ શકે છે અને બાળમૃત્યુનો આ આંકડો કોવિડ-૧૯ના સંક્રમણથી મૃત્યુઆંકથી અલગ હશે.

સંગઠનના અંદાજા મુજબ દક્ષિણ એશિયામાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની મોતનો આંકડો ૪,૪૦,૦૦૦ સુધી પહોંચી શકે છે જેમા સૌથી વધારે મોત ભારતમાં થાય એવી આશંકા છે. યૂનિસેફ દક્ષિણ એશિયા રિઝનલ ડાયરેક્ટર જીન ગૈફએ ડર વ્યક્ત કર્યો હતો કે દસકાઓમાં પહેલી પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો મૃત્યુદર વધી શકે છે. સંગઠનના અનુમાન મુજબ ભારત પછી પાકિસ્તાનમાં બાળમૃત્યુદર વધારે હોઇ શકે છે, જે પછી બાંગ્લાદેશ, અફઘાન અને નેપાળમાં આ પ્રમાણ વધારે રહેશે. યૂનિસેફએ આ માટે કોરોના મહામારીને કારણભૂત ગણાવી છે, કારણ કે નબળી સ્વાસ્થ પ્રણાલી ધરાવતા દુનિયાના દેશોમાં કોરોના મહામારી મેડિકલ સપ્લાય ચેન માટે મોટો પડકાર છે. રિપોર્ટ દર્શાવે છે કે, કોવિડ-૧૯ પરિવાર નિયોજન, પ્રસવ, પ્રસવ પહેલા અને પછીની સારવાર, ટીકાકરણ અને ઉપચાર સેવાઓમાં નડતરરુપ બની રહી છે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૫૯ અને ચાંદીમાં રૂ.૧૮૦ની વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં પણ તેજીનો માહોલ

*મુંબઈ*

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૩૦૦૩ સોદામાં રૂ. ૮૨૭૨.૧૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૮૦૦૦.૬૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૭૧.૪૬ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૧૮૦ની વૃદ્ધિ થઈ હતી. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદામાં તેજીના માહોલ સામે નેચરલ ગેસ નોમિનલ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં એલચી, કપાસ, કોટન, સીપીઓ અને મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૬૩૬૬૧ સોદાઓમાં રૂ. ૪૨૭૭.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૦૬૨ ખૂલી, ઊપરમાં રૂ. ૪૬૨૬૬ અને નીચામાં રૂ. ૪૬૦૬૨ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૯ વધીને રૂ. ૪૬૧૪૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૧ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૩૬૯ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૯ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૬૩૬ થયા હતા, જ્યારે સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૫ વધીને બંધમાં રૂ. ૪૬૧૧૮ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૩૧૭૭ ખૂલી, ઊપરમાં રૂ. ૪૩૩૨૩ અને નીચામાં રૂ. ૪૨૯૮૪ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૮૦ વધીને રૂ. ૪૩૧૪૫ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૧૪૪ વધીને રૂ. ૪૩૫૨૪ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૧૩૮ વધીને રૂ. ૪૩૬૧૯ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૭૭૯૨૧ સોદાઓમાં રૂ. ૨૦૨૭.૪૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૯૨૨ ખૂલી, ઊપરમાં રૂ. ૨૦૨૩ અને નીચામાં રૂ. ૧૯૧૯ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૯ વધીને રૂ. ૧૯૯૦ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩૧૨૧ સોદાઓમાં કુલ રૂ. ૨૩૭.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન મે વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૫૭૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૭૮૦ અને નીચામાં રૂ. ૧૫૫૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૦ ઘટીને રૂ. ૧૫૬૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ મે કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૦૫.૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫.૮ ઘટીને બંધમાં રૂ. ૬૦૨.૭ ના ભાવ હતા, જ્યારે એલચી મે વાયદો કિલોદીઠ રૂ. ૧૭૦૦.૧ ખૂલી, અંતે રૂ. ૯.૯ ઘટીને રૂ. ૧૭૦૦.૧ થયો હતો. મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ. ૧૧૦૯.૯ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૪૭.૯ અને નીચામાં રૂ. ૧૧૦૯.૯ રહી, અંતે રૂ. ૧૧૩૮.૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૮૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૭ અને નીચામાં રૂ. ૯૮૨ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૫૦ ઘટીને રૂ. ૯૮૫.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૧૫૦૯ સોદાઓમાં કુલ રૂ. ૨૮૬૨.૬૩ કરોડ ની કીમતનાં ૬૧૯૯.૧૩૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૪૨૧૫૨ સોદાઓમાં કુલ રૂ. ૧૪૧૪.૭૩ કરોડ ની કીમતનાં ૩૨૬.૪૫૭ ટન, ક્રૂડ તેલમાં ૪૭૦૭૯ સોદાઓમાં રૂ. ૧૨૯૧.૪૮ કરોડનાં ૬૫૬૦૪૦૦ બેરલ્સ, કોટનમાં ૭૭૮ સોદાઓમાં રૂ. ૪૮.૪૧ કરોડનાં ૩૦૭૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૨૯૮ સોદાઓમાં રૂ. ૧૮૫.૬૩ કરોડનાં ૩૧૦૦૦ ટન, એલચીમાં ૨ સોદાઓમાં રૂ. ૩.૪૦ લાખનાં ૦.૨ ટન, મેન્થા તેલમાં ૩૫ સોદાઓમાં રૂ. ૩.૧૫ કરોડનાં ૨૮.૮ ટન, કપાસમાં ૮ સોદાઓમાં રૂ. ૧૫.૭૬ લાખનાં ૩૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૩૪૫૪.૯૧૭ કિલો, ચાંદીના વાયદાઓમાં ૨૯૧.૭૫ ટન, ક્રૂડ તેલમાં ૬૯૦૧ બેરલ્સ, કોટનમાં ૧૩૧૩૨૫ ગાંસડી, સીપીઓમાં ૬૧૩૦૦ ટન, એલચીમાં ૨.૫ ટન, મેન્થા તેલમાં ૪૨.૮૪ ટન અને કપાસમાં ૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૭૧.૪૬ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૩.૨૯ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૨૭.૩૫ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૭૨.૬૫ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૬૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૭ ખૂલી, ઊપરમાં રૂ. ૬૫૦ અને નીચામાં રૂ. ૫૪૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૧૦.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦૨ ખૂલી, ઊપરમાં રૂ. ૨૦૨ અને નીચામાં રૂ. ૧૬૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૪.૫ બંધ રહ્યો હતો.


ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૪૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૪૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૨૬ અને નીચામાં રૂ. ૧૪૭૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૬૧.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૧૫ ખૂલી, ઊપરમાં રૂ. ૬૧૫ અને નીચામાં રૂ. ૬૦૫.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૧૨ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૪ ખૂલી, ઊપરમાં રૂ. ૪૨ અને નીચામાં રૂ. ૧૧.૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫.૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૭૩.૬ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૩.૬ અને નીચામાં રૂ. ૧૨.૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬.૯ બંધ રહ્યો હતો.

# કોરોનાના મહાસંકટના કપરા કાળમાં પત્રકારોને સરકારમાં આવેદનપત્ર આપવામાં માટે કેમ ફરજ પડી

સતિષ પટેલ બ્યુરો ચીફ વલસાડ

સમગ્ર ગુજરાતમાં પત્રકાર એકતા સંગઠન ગુજરાત દ્વારા જિલ્લા/તાલુકા ના પત્રકારો નો સંદેશ સરકાર સુધી પહોંચાડવા આવેદનપત્ર આપવામાં આવ્યું



કોરોના નું સંકટ તો વિશ્વ વ્યાપક છે,કોઈ દેશ,રાજ્ય કે જિલ્લો બાકી નથી. પોલીસ કર્મીઓ,આરોગ્ય કર્મીઓ વહીવટી કર્મીઓ આં જંગ સામે લડવા રાત દિવસ જોયા વિના ફરજ બજાવે છે.સરકારી જાહેરનામા થી માંડી તકેદારી ની બાબતો સહિત ની માહિતી આ મહા સંકટમાં પણ પત્રકારો જન જન સુધી પહોંચાડે છે..

સાડા છ કરોડ જનતા સુધી દરેક મેસેજ,કાર્યક્રમ,લોક ડાઉન,નીતિ વિષયક બાબતો ૧૦૦૦૦ જેટલા પત્રકારો પહોંચાડે છે. સરકાર ના મુખમાંથી ક્યારેય પત્રકારો માટે એક શબ્દ પણ ઉચ્ચારવામાં નથી આવ્યો, નથી તેને સંકટ સમયે કામ કરતા પડતી મુશ્કેલીઓ અંગે નું કોઈ માર્ગ દર્શન કે નથી કોઈ વીમાના પેકેજ મા સમાવેશ છતાં તંત્ર સાથે ખભે ખભા મિલાવી કામ કરી રહ્યા છે..

ગુજરાત પોલીસ વડાને લાગણી પત્રકારો સાથે જોડાયેલી હોવા ની પ્રતીતિ તેઓએ પ્રથમ પ્રેસમા કરાવી છે.છતાં ક્યાંય બધું ૧૦૦% નથી હોતું.

વડોદરા કરજણ મા પત્રકારો ઉપર થયેલ કેસ મા પત્રકાર પાસે નિર્દોષ હોવાના પુરાવા હોવા છતાં,ભરૂચ મા પત્રકારો ઉપર ના કેસ મા એક પણ પત્રકાર દોષિત પ્રથમ દ્રષ્ટિએ નથી,પણ મહિલા નું ટોળું લોક ડાઉન હોવા છતાં,બંદોબસ્ત હોવા છતાં પોલીસ સ્ટેશન મા પહોંચી ગયું,પોતાની ભૂલ ઢાંકવા પત્રકારો ઉપર કેસ કરવામાં આવ્યા છે.

રાજકોટ ના એક પ્રસિદ્ધ અખબાર માલિક ને એક પોલીસ ખોટી રીતે પરેશાન કરી રહ્યા છે.ઘટનાઓ ની વિગત સાથે પોલીસ વડા ને પત્ર લખ્યો છે,કોઈ વિવાદ સર્જાય તે પહેલાં નિર્ણય થાય તે જરૂરી છે..

નવસારી ના એક પી.એસ.આઇ.ની પત્રકાર સાથે રોફ જમાવી,દમ દાટી મારતી ઘટનામાં પી.એસ.આઇ ના મોઢે થી નીકળેલા શબ્દો મોટું કમઠાણ સર્જી શકે તેવા છે..સ્થાનિક સંગઠનો એ આવેદન પણ આપ્યા છે..

તાજેતર માં અમદાવાદ નાં એક નાના પત્રકાર ઉપર રાજદ્રોહ ની કલમો સાથે ફરિયાદ નોંધવામાં આવી છે.

તેના દ્વારા કોરોના ને લાગતી કોઈ અફવા ફેલાવવામાં નથી આવી.સત્તા પરિવર્તન માટેની અટકળો કે લોક મુખે થતી ચર્ચાઓ કે કોઈ આગમવાણી થી દેશ કે રાજ્ય ને કોઈ નુકસાન નથી.

મનસુખભાઈ તો ઘણા સમયથી મુખ્ય મંત્રી થવા થનગને છે. રૂપાલા સાહેબ વિશે પણ અટકળો વહેતી થઈ છે,અનેક વાર મુખ્ય અખબારો કે ચેનલો માં પણ તેની પ્રસિદ્ધિ થઈ છે,રાજકીય ગતી વિધિ બાબતે અવાર નવાર લખાતું હોય છે. અને રાજકીય ખુરશી કોઈનો અમર પટ્ટો પણ નથી.. સત્તા મા ભાજપ કેશુભાઈ પટેલ ના નેતૃત્વ મા આવ્યું,છતાં પાંચ વર્ષ પૂરા નથી થયા..આનંદી બેન ને પણ રાતોરાત હટાવવા મા આવ્યા છે..જેવી રીતે રૂપાણી તૈયાર સત્તા મા આવ્યા છે..એવી રીતે તૈયાર સત્તા છોડી અનેક ને જવું પડ્યા નો ઈતિહાસ છે..

સમગ્રગુજરાના તમામ પત્રકારો ની માંગ છે કે,પોતાની નિષ્ફળતા છુપાવવા કોઈ અધિકારી કે સરકાર પત્રકારો ને ફસાવી ન શકે,પ્રજા સાથે નો વ્યવહાર પત્રકાર સાથે ક્યારેય ન હોય..અમોએ રજૂ કરેલા પત્રકારો સાથે ના કેસ ની ઘટનાઓ ની પોલીસ વડા નિષ્પક્ષ તપાસ કરાવે અથવા આરોપી બનેલા પત્રકારો ને સાંભળી સત્ય જાણી તેની સમીક્ષા કરે,અને દોષિત ન હોય તેના ઉપર ની ફરિયાદ માંડવાળ કરવામાં આવે..

નેતા હોય,અધિકારી હોય,પત્રકાર હોય કે સામાન્ય નાગરિક હોય ×માણસ માત્ર ભૂલને પાત્ર× ભૂલો કામ કરે તેનાથી થાય, અમારો કોઈના સામે આક્ષેપ નથી,પણ પોલીસ વડાનું પત્રકારો માટેનું વલણ એક નવો વિશ્વાસ ઉભો કરનારું છે,નિવૃત્તિ પહેલા આ ચાર ઘટનાઓ ની સમીક્ષા થાય તે ખૂબ જરૂરી છે.આવેદનપત્રમાં વિશેષ રજૂઆત નો અભ્યાસ કરી, તેની સમીક્ષા થાય,પત્રકાર નિર્દોષ હોય તો ન્યાય મળે,ખોટી કલમો કે કાયદાનો ભોગ નિર્દોષ ન બને એટલી માનવતા દાખવવા નમ્ર રજૂઆતો આવેદનપત્ર કરવામાં આવી છે.

# દેશ અને દેશવાસીઓતો આત્મનિર્ભર જ છે મોદીજી તમારી સરકારને આત્મનિર્ભર બનાવો- જયરાજસિંહ

પોતાના ખર્ચે અને જોખમે રઝળપાટ વેઠીને વતન જતા આત્મનિર્ભર મજૂરો ૫૦ દીવસ સુધી ભૂખ્યા તરસ્યા સરકાર પર નિર્ભર રહ્યા પણ પછી તેમને સમજાયું કે ખુદ સરકાર પોતે જ ભગવાન ભરોસે છે તો આપણું તો શું ભલું કરવાની છે ?

કોરોનાના દર્દીઓ પણ સરકારી સીવીલમાં જઈને જ આત્મનિર્ભરતાના જોરદાર પાઠ શીખ્યા જ છે. દવાના બદલે દુઆ એ જ કોરોનાનો ઈલાજ હોય તેમ જાતને બચાવવા જાત મહેનત જ એક માત્ર ઉપાય છે તે સમજાયું જ છે સાહેબ.કોરોના વોરિયર્સ જેવા કે ડોક્ટર્સ, નર્સીસ ,દવાખાનાના કર્મચારીઓ, સફાઈ કામદારો અને પોલીસ પણ પી.પી.ઈ. કીટ અને ૬-૯૫ માસ્ક આ સંકટની ઘડીએ સરકાર કરતાં ખુદ પર વધુ ભરોસો મુકીને કામ કરી રહ્યા છે અને આત્મનિર્ભર બની જ ગયા છે. વેપારીઓ , ખેડુતો, દુકાનદારો, ફેરીયાઓ તથા અસંગઠીત મજૂરો પેટ ભરવા મજબુરીમાં આત્મબળે પ્રયત્નશીલ છે જ ત્યારે આત્મનિર્ભર જનતા નહીં ખુદ મોદી સરકારે થવાની જરૂર છે .

મોદી સરકાર પી.પી.ઈ.કીટ હોય એન-૯૫ માસ્ક હોય ટેસ્ટીંગ કીટ હોય તમામ માટે ચીન પર નિર્ભર છે અને જનતાને આત્મનિર્ભર થવા સલાહ આપી રહી છે . માત્ર ને માત્ર ઉદ્યોગપતિઓના ખભે બેસી રાજકીય દુકાનો ચલાવનારા જ્યારે પોતાના ખભે આવેલી જવાબદારીથી છટકી જવા લોકોને આત્મનિર્ભર થવાની સુફીયાણી સલાહ આપે ત્યારે નિર્માલ્યતા છતી થાય છે. તપ મજદૂરો કરે અને આત્મનિર્ભરતાના જપ મોદીજી કરે . તાળીઓ તમે પાડો, થાળીઓ તમે ખખડાવો, દીવા તમે સળગાવો, ઘરમાં તમે રહો, વૃદ્ધોની સંભાળ તમે રાખો, મજૂરોને તમે સાચવો, ગરીબોને તમે જમાડો, પગાર તમે આપો હું તો બસ બોલવા પુરતો જ આત્મનિર્ભર રહીશ બસ આ સંદેશ આપી મોદીજી કોરોના સામે ઘુટણીયે પડી ગયા છે . અડવાણી પર નિર્ભર રહી રાજકીય સીડી ચઢનારે ખુદ અડવાણીને આત્મનિર્ભર થવા મજબુર કર્યા છે ત્યારે સૌથી પહેલા દીલ્હી બાજુ પડખુ કરીને સુવા ટેવાયેલા રૂપાણીજી એ આત્મનિર્ભર થવાની સલાહ આપવાની જરૂર છે. રીઝર્વ બેંક પાસે વારંવાર હાથ લંબાવતા અગાઉ ખુદ દેશના અર્થતંત્રને આત્મનિર્ભર કરવુ પડશે . ટ્રમ્પના ભરોસે રહી પોતાની છબી ચમકાવતા રહેનાર મોદીજીએ પોતાની જાત પર ભરોસો કેળવવો પડશે .ભાષણો પર નિર્ભર રહેવાના બદલે શાસનને ભરોસાપાત્ર બનાવવુ પડશે .

બાકી સાહેબ જનતાતો સમજી જ ગઈ છે કે તમારી આત્મનિર્ભરતા નો અર્થ તો × ભગવાન ભરોસે × જ થાય છે.

જયરાજસિંહ પરમાર
પ્રવક્તા-ગુજરાત પ્રદેશ કોંગ્રેસ

## ખેડૂતનો આક્રોશ અમે પાકિસ્તાન થી આવ્યા છીએ

# સાબરકાંઠા પોલીસે અરવલ્લીના રમોસના ડીઝલ પુરાવવા જતા ખેડૂત સાથે દંડાવાળી કરી

અરવલ્લી બ્યુરો મોડાસા

સાબરકાંઠા જીલ્લામાં પોલીસ તંત્ર દ્વારા આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ગેરવર્તણૂક અને કનડગત કરવાનું સતત ચાલુ રહેતા જિલ્લા કલેક્ટરે ગંભીર નોંધ લઈ રાજ્યના અધિક મુખ્ય સચિવને પત્ર લખ્યો હતો અને એસપીને પોલીસતંત્ર દ્વારા થઈ રહેલ કનડગત અંગે પત્ર લખી ગેરવર્તણૂક કરનાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ યોગ્ય તપાસ કરી ૫ દિવસમાં યોગ્ય ખુલાસો કરવા પત્ર લખ્યો હતો ખાખી જીલ્લાના સમાહર્તા ને ગાંઠતી ન હોય તો સામાન્ય પ્રજાનું તો વિચારવું જ રહ્યું...?સાબરકાંઠા પોલીસ સતત વિવાદો માં ઘેરાતાં તેની કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે ત્યારે સાબરકાંઠા પોલીસ વધુ એક વિવાદમાં ઘેરાઈ છે સાબરકાંઠા જિલ્લાને અડીને આવેલા અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકોને સાબરકાંઠા પોલીસ કામકાજ અર્થે જતા અટકાવતી હોવાની બૂમો વચ્ચે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રમોસ ગામના ખેડૂત ટ્રેક્ટર લઈ સાબરકાંઠા જિલ્લામાં આવેલ પેટ્રોલપંપ પર ડિઝલ પુરાવવા જતા અટકાવી ખેડૂત અને ટ્રેક્ટરમા બેઠેલ લોકોને દંડા થી માર મારી તગેડી મુકતા ખેડૂતોમાં આક્રોશ ફેલાયો છે

સાબરકાંઠા માંથી અરવલ્લી જિલ્લાનું નિર્માણ થયું છે અરવલ્લી સાબરકાંઠા જીલ્લાની આંતર જીલ્લા સરહદો પર રહેલાં ગામડાઓ હજુ પણ ખેતી કામ,બેંકિંગ,ગેસ એજન્સી સહીત એક બીજા ગામ પર નિર્ભર છે

અરવલ્લી ની સરહદે આવેલ સાબરકાંઠાનું રણાસણ ગામ વિકસીત હોવાથી ત્યાં મોટું બજાર,દવાખાનાં , બિયારણની દુકાનો , બેંક અને પેટ્રોલપંપ આવેલા છે વર્ષોથી અરવલ્લી જીલ્લા રણાસણ ગામને અડીને આવેલા ગ્રામ્ય વિસ્તારનાં લોકો જીવન જરૂરિયાત ની ચીજ વસ્તુઓની

ખરીદી મુલાકાત લેતા હોય છે કોરોના ને લઈને હાલ લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે સાબરકાંઠા પોલિસ છેલ્લા કેટલાક દિવસો થી અરવલ્લી જિલ્લાના રમોસ,વડવાસા ,શિણોલ સહીત ના ગ્રામ્ય વિસ્તારના લોકોને અને ખેડૂતોને સાબરકાંઠા જીલ્લામાં આવેલા રણાસણ ગામમાં પ્રવેશતા અટકાવી રહી હોવાની સાથે લોકો સાથે દંડાવાળી કરવામાં આવી રહી હોવાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે

બુધવારે રમોસ ગામના ખેડૂત ટ્રેક્ટર લઈ રણાસણ નજીક આવેલા પૅટ્રોલપંપ પર ડિઝલ ભરાવવાં જતા સાબરકાંઠા પોલીસે અટકાવીને દંડાથી માર મારવામાં આવતા ખેડૂતોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે .

એક ખેડૂત યુવકે વિડીયો વાયરલ કરી જણાવ્યુ હતુંકે રમોસ ગામમાં કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાતા સાબરકાંઠા પોલીસ અન્ય લોકોને રંજાડી રહી છે અમારી સાથે અસ્પૃશ્યતા જેવો વહેવાર કરવામાં આવી રહી છે અમે પાકિસ્તાન થી આવ્યા હોય તેવુ વર્તન કરવામાં આવી રહ્યું છે આ અંગે સાબરકાંઠા પોલીસ સામે શખ્ત કાર્યવાહી કરાવમાં આવે ની માંગ કરી હતી

## કોરોનો સામે દાહોદ જિલ્લા વહીવટી તંત્રનો માસ્ટર એક્શન પ્લાન

# દાહોદ જિલ્લામાં ૬૦ વર્ષથી વધુની ઉંમરના વૃદ્ધોની સઘન આરોગ્ય તપાસ કરાશે

(અભેસિંહ રાવલ દાહોદ)

દાહોદ જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે જિલ્લા વહીવટી તંત્ર હવે એક પ્રોએક્ટિવ પ્લાનિંગ સાથે આગળ આવી છે. જિલ્લામાં કોરોના વલ્નરેબલ ગ્રુપ નિયત કરવામાં આવ્યું છે. દાહોદમાં ૬૦ વર્ષથી ઉપરના બે લાખથી વધુ વૃદ્ધો ઉપરાંત સગર્ભા તથા ૧૦ વર્ષથી નીચેના બાળકોની આરોગ્યની ઘનિષ્ઠ તપાસ કરવામાં આવશે.

આ બાબતે કલેક્ટર શ્રી વિજય ખરાડીએ માહિતી આપતા જણાવ્યું કે, ચૂંટણી તંત્રની મતદાર યાદીમાંથી ૬૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓની માહિતી લેવામાં આવી છે. તેને બે ભાગમાં વિભાજિત કરી દેવામાં આવશે. એક તો જેમની કોઇ બિમારી હોય એટલે કે કોમોરબીડી અને નોન કોમોરબીડ. એ રીતે તમામ વૃદ્ધોના આરોગ્યની ચકાસણી કરવામાં આવશે. કારણ કે, એક તો વૃદ્ધોમાં રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય છે અને તેમાં જો તેમને કોઇ બિમારી હોય તો તેમના પર કોરોના વાયરસ લાગવાની શક્યતા વધી જાય છે. આવા ગ્રુપને બને ત્યાં સુધી ઘરમાં જ સુરક્ષિત રહેવા સમજ આપવામાં આવશે. અને, ઘરમાં પણ જો તે આઇસોલેટ રહે તો વધુ સારૂ છે.

આ ઉપરાંત વલ્નરેબલ ગ્રુપમાં સગર્ભા મહિલાઓ અને ૧૦ વર્ષથી નીચેના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમના આરોગ્યની સઘન તપાસ કરવા માટે આરોગ્ય તંત્રને સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં સગર્ભા મહિલાઓની સંખ્યા ૯૧૩૮ અને ૧૦ વર્ષથી નીચેના બાળકોની સંખ્યા ૫૮૦૨૮૮ છે.

શ્રી ખરાડીએ એમ પણ જણાવ્યું કે, કોરોના વાયરસ સામે રોગ પ્રતિકારક શક્તિ જ હાલમાં એક અસરકારક ઇલાજ છે. એટલે, લોકોમાં રોગ પ્રતિકારક શક્તિ કેવી રીતે વધે એ માટે જાગૃતિ લાવવા માટે જનજાગૃતિના કાર્યક્રમ સાથે આયુર્વેદિક ઉકાળાના વિતરણ વ્યાપકપણે કરવા માટે જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરીને સૂચના આપવામાં આવી છે. ૯૭ પીએચસી, સીએચસી, વેલનેસ સેન્ટર દ્વારા ૩૧ તબીબોની ટીમ આ માટે બનાવવામાં આવી છે. જેમના દ્વારા આ કામગીરી કરવામાં આવશે. તેની સાથે હોમિયોપેથિક દવા આર્સેનિકની ગોળીઓ તથા શમશમ વટીનું પણ પણ વિતરણ કરવામાં આવશે. દાહોદમાં હાલે બે હોસ્પિટલમાં કુલ ૩૦૦ બેડની ડેડિકેટેડ કોવીડ૧૯ હોસ્પિટલ બનાવવામાં આવી છે. આ ઉપરાંત કોવિડ કેર સેન્ટર પણ કાર્યરત છે. તાલુકા મથકે પણ ક્વોરોન્ટાઇન સેન્ટર નિયત કરી દેવામાં આવ્યા છે. હવે, ગ્રામ્ય કક્ષાએ જરૂર પડે તો પ્રાથમિક શાળાઓને ક્વોરોન્ટાઇન સેન્ટર માટે તૈયારી રાખવાની સૂચના આપવામાં આવી છે. આ માટેની સવલતોનું મૂલ્યાંકન કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. જો કોઇ કડી ખૂટતી હોય તો તેને પણ પૂરી કરવામાં આવશે.




**લીમખેડા તાલુકામાં સેવાભાવી પત્રકાર અભેસિંહ રાવળ દ્વારા રાસન કીટનું વિતરણ કરવામાં આવ્યું કોરોનાવાયરસ ની મહામારીને લીધે સમગ્ર દેશમાં lockdown અમલમાં છે ત્યારે lockdown દરમિયાન રોજેરોજનું રળી ને કમાતા તેમજ વિધવા નિરાધાર અનાથ વૃદ્ધ દિવ્યાંગ તેમજ જરૂરિયાતમંદ વ્યક્તિઓને રોજગારીમાં મુશ્કેલી પડતી હોય તેવા ગરીબ પરિવાર પરિવાર ના કુટુંબોને પોતે દિવ્યાંગ એવા સેવાભાવી પત્રકાર અભેસિંહ રાવળ દ્વારા રાસન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં રાસન કિટમાં લોટ ચોખા દાળ મરચું-મીઠું તેલ બટાકા જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું કોરોના lockdown દરમિયાન આ સેવાકીય પ્રવૃતિઓ સૌને પ્રેરણા આપે છે અને સૌ લોકો ઘરમાં જ રહે અને સરકાર તેમજ જિલ્લા તંત્રની સૂચનાનું પાલન કરે તેવી પત્રકાર અભેસિંહ રાવલે અપીલ પણ કરી હતી કોરોનાવાયરસ ને પ્રસરતો અટકાવવા માટે સાવચેતીના ભાગરૂપે અમારા દાહોદ જિલ્લા પ્રશાસન તેમજ જિલ્લા કલેકટર વિજય ખરાડી દ્વારા ઉત્તમ કામગીરી કરવામાં આવી છે અને દાહોદ જિલ્લો પણ તેમનાથી ખુશ છે તેમ જાણવા મળતી વિગતો મુજબ જાણવા મળેલ છે.**

# કેશોદ શહેરમાં ખાનગી નોકરીયાતો ને પગાર ચૂકવવામાં અંચાઈ કરશે તો ખેર નથી:પીઆઇ ભાટી

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કોવીડ-૧૯ હેઠળ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડ લાઈન મુજબ ખાનગી પેઢીમાં, ઔધોગિક એકમો માં કે અન્ય ધંધા રોજગાર નાં સ્થળોએ નોકરી કરતાં કર્મચારીઓ ને પગાર ચૂકવવામાં આવે તેમજ ભાડુઆત ને મકાન માલિક દ્વારા કનડગત કે ખાલી કરવા ધાકધમકી આપવામાં આવે તો સજા ને પાત્ર ગણવા,આ સંદર્ભે ફરિયાદ આવે તો કડક કાર્યવાહી કરવા સુચના તંત્ર ને આપવામાં આવી છે. કેશોદ શહેરમાં જીલ્લા કલેકટર દ્વારા બપોર પછી બજારો ખોલવા શરતી છુટછાટ આપવામાં આવતાં પ્રતિબંધિત વસ્તુઓ સિવાય લગભગ બધાજ ધંધા રોજગાર શરૂ કરવામાં આવેલ છે ત્યારે ખાનગી પેઢીમાં ઔધોગિક એકમો માં કે અન્ય સ્થળે નોકરી કરતાં કર્મચારીઓ ને પગાર ચૂકવવામાં ન આવે તો કેશોદ પોલીસ સ્ટેશનમાં પીઆઇ ભાટી નો સંપર્ક કરવા જણાવાયું છે અને વધુમાં જણાવ્યું હતું કે કોરોના વાયરસ ફેલાતો અટકાવવા સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડ લાઈન મુજબ અમલવારી ન કરનારા વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. કેશોદ શહેરમાં બહારગામથી વતનમાં પરત આવતાં વ્યક્તિઓ ને હોમ કવોરન્ટાઈન કરવામાં આવે છે ત્યારે આસપાસના પાડોશી ઓ દ્વારા ધાકધમકી કે ગાળાગાળી કરવામાં આવે તો કેશોદ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા જણાવ્યું છે અને સાથે હોમ કવોરનટાઈન હેઠળ રહેલાં વ્યક્તીઓ એ મેડિકલ ઓફિસર ની સુચનાઓ નું પાલન કરવું જરૂરી ગણાવ્યું છે.

કેશોદ શહેરમાં જુદા-જુદા રહેણાંક વિસ્તારમાં આવેલા બહુમાળી એપાર્ટમેન્ટમાં મેઈન્ટેન્સ ની રકમ ન ચુકવી હોય તો કોઈ પ્રકારની સેવા રોકી શકાશે નહીં. કેશોદ શહેરમાં કાપડબજાર અને ફર્નિચર ની સંખ્યાબંધ દુકાનો ઉપરાંત સીંગદાણા અને ઘઉં નાં કારખાનાં આવેલાં છે ત્યારે મધ્યમ વર્ગના મંજુર પરિવાર ને માલીકો દ્વારા હેરાનગતિ કે પરેશાની ન થાય એ માટે પીઆઇ ભાટી વ્હારે આવતાં ખાનગી પેઢીમાં ઔધોગિક એકમો માં કામ કરતાં નોકરીયાતો માં ખુશી વ્યાપી ગઈ છે.

## જેને ભાજપ GOD માને છે એ જનતા જનાર્દનને કોંગ્રેસે DOG સાથે સરખાવીને

# જનતાનું અપમાન કરી પોતાની વિકૃત માનસિકતા છતી કરી છે:ભરત પંડ્યા




મોટી ઈસરોલ, તા.૧૪

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રવકતા ભરત પંડયાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પોતાનાં ટવીટર પર મુકેલ વિડીયોમાં કોંગ્રેસે પોતાનાં વિચાર, આચાર અને વિકૃત માનસિકતાનું પ્રદર્શન કર્યું છે. કોંગ્રેસે પોતાના ૫૫ વર્ષના કુશાસનમાં જે પણ કર્યું છે. તે પ્રદર્શિત કર્યું છે. કોંગ્રેસ પબ્લીકને શું માને છે ? કેવી રીતે જાણે છે અને તેની સાથે કેવી રીતે વ્યવહાર કરે છે. તેનું પ્રતિબિંબ આ વિડીયોમાં જોવા મળે છે. કોંગ્રેસે પબ્લીકને DOG સાથે સરખાવીને પબ્લીકનું અપમાન કર્યું છે, કોંગ્રેસ પબ્લીકને DOG તરીકે માને છે, જયારે ભાજપ પબ્લીકને GOD માને છે. કોંગ્રેસ-ભાજપમાં આટલો ફર્ક જોવા મળે છે.

શ્રી ભરત પંડયાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના શ્રી રાજીવ ગાંધીએ કહ્યું હતું કે, ૧ રૂ. પબ્લીકને મોકલું છું અને નીચે, જનતાને માત્ર ૮૫ પૈસા પહોચે છે. એટલે કે, ૮૫ ટકાનો ભ્રષ્ટાચાર થતો હતો. આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં દરેક લાભાર્થીના પૈસા સીધાં ખાતામાં જમા થાય છે. ગઈકાલે જ કોરોનાની મહામારીમાં પણ રૂ. ૫૨,૬૦૬ કરોડ રૂ. DBT દ્વારા કરોડો લાભાર્થીઓના ખાતામાં જમા થયાં છે. કોંગ્રેસે પોતાના શાસનમાં દેશને અને પબ્લીકને લૂંટ્યો છે, ભારતીય જનતા પાર્ટીની સરકારોમાં જનતાનાં પૈસા જનતા સુધી પહોંચે છે. મોકલેલ પૈસા ૧૦૦% સીધા બેંક એકાઉન્ટમાં જમા થાય છે. આ વાત જનતા સારી જાણે છે. તેમશ્રી પંડયાએ અંતમાં જણાવ્યું હતું.

## જિલ્લામાં કોરોનાગ્રસ્ત આંકડો ૭૯ પર પહોંચ્યો

# અરવલ્લીના બાયડના ૫૫ વર્ષીય મહિલા કોરોનાગ્રસ્ત

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્યમાં કોરોના વાયરસ બેકાબૂ બન્યો છે. સતત વધી રહેલા કેસોની વચ્ચે રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૬૪ કેસ નોંધાયા છે. રાજયમાં કોરોના વાયરસના કારણે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૨૯ દર્દીનાં મોત નીપજયા છે રાજયમાં કોરના વાયરસના કુલ ૯૨૬૮ પોઝિટિવ કેસ અત્યારસુધીમાં નોંધાયા છે. જેમાં કલાકમાં અમદાવાદમાં-૨૯૨,સુરતમાં-૨૩,વડોદરામાં-૧૮, મહેસાણામાં-૮, દેવભૂમિ દ્વારકામાં-૭,ભાવનગર-જામનગરમાં-૩, પાટણમાં-૨ , પંચમહાલ , બનાસકાંઠા,ગીરસોમનાથ,ખેડા, અરવલ્લી, મહીસાગર,જૂનાગઢ, અમરેલી સહિતનાં જીલ્લામાં એક-એક કેસ કોરોના પોઝેટીવ દર્દીઓ નોંધાયા છે

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો હોય તેમ જિલ્લામાં કોરોનાના પોઝેટીવ દર્દીઓનો આંક દિવસેને દિવસે વધતો જાય છે. ત્યારે બુધવારના રોજ બાયડ તાલુકાના ચોઈલા ગામની એક ૫૫ વર્ષિય મહિલાનો કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતાં જિલ્લાનો આંક ૭૯ પર પહોંચ્યો હતો. જયારે અરવલ્લી જિલ્લામાં પોઝીટીવ આવેલા દર્દીઓમાંથી ૨૨ દર્દીઓનો ફરીથી રીપોર્ટ કરાવતાં નેગેટીવ આવ્યો હતો જેના પગલે ૨૨ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના પોઝીટીવ કેસો દિન પ્રતિદિન વધારો જોવા મળી રહયો છે. બાયડ તાલુકાના ચોઇલમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો. જેમાં ચોઇલા ગામના મુખીયાજી પરિવારની ૫૫ વર્ષીય મહિલાને કોરોના પોઝીટીવ આવ્યો હતો. આ મહિલા ગત ૩ મે ના રોજ મહિલા અમદાવાદથી ચોઇલા આવી હતી. બાદમાં તે બાયડ ખાતે આવેલ કોટીયર્ક સોસાયટીમાં સંબંધીને ત્યાં આવી હતી. બાદમાં તેનો રીપોર્ટ કરાવતાં કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો હતો. જિલ્લામાં આજ સુધી કુલ-૭૯ પોઝીટીવ કેસ નોંધાયા છે. તેમાં બાયડ તાલુકા-૦૮, ભિલોડા તાલુકા - ૧૩, મેઘરજ તાલુકા - ૦૯, મોડાસા શહેરી - ૨૪, મોડાસા ગ્રામ્ય - ૧૭, ધનસુરા તાલુકા - ૦૮ આમ, કુલ- ૭૯ પોઝીટીવ કેસો નોંધાયા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ બાયડની કોટીયર્ક સોસાયટીમાં આવેલ મહિલાનો કોરોના પોઝીટીવ કેસ નોંધાતા અને મહિલા ચોઈલા ગામ ખાતે પણ રહ્યા હોવાથી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે બાયડની કોટીયર્ક સોસાયટી અને ચોઈલા ગામને કન્ટેઈમેન્ટ ઝોન (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ મુક્યો છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK